# જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગર.

જીલ્લા અને સત્ર અદાલત, સાબરકાંઠા, હિંમતનગર

જા.નં. DLSA :- ...૪૪૦.../૨૦૨૪

## -:: પેરા લીગલ વોલેન્ટીયર્સ (અધિકાર મિત્ર) ની નિયુકિત માટેની જાહેરાત :-

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગર ધ્વારા જીલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) ની નિયુકિત કરવાની થાય છે.

### (૧) શૈક્ષણિક લાયકાત :-

ઉમેદવારે ગુજરાત રાજ્ય માધ્યમીક શિક્ષણ બોર્ડની સેકન્ડરી પરીક્ષા, કલા, વાણીજ્ય અથવા વિજ્ઞાનમાં અથવા સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. અરજદારને ગુજરાતી ભાષા લખવાની તથા વાંચવાની સારી એવી વ્યાપક જાણકારી તેમજ ક્ષમતા હોવી જોઈએ.

### (૨) માનદ વેતન :-

પ્રત્યેક પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર)ને પ્રતિકાર્ય દિવસ માટે નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાઓના નવા સુધારા મુજબ રૂ.૪૦૦/- નુ માનદ વેતન વાસ્તવીક કાર્ય કરેલ હોવાના આધાર ઉપર ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારનું મહેનતાણુ કે ચુકવણુ કરવામાં આવશે નહી.

### (૩) આવેદન પત્ર :-

આ ભરતી માટે અરજદારે આ જાહેરાતમાં આપેલ નમુના મુજબ આવેદન પત્ર રજુ કરવાનુ રહેશે.

**(૪) અરજીની સાથે નીચે મુજબના આધારો પ્રસ્તુત કરવા :-**

(ક) જન્મ તારીખના પ્રમાણપત્રથી પ્રમાણીત નકલ.

(ખ) શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ.

(ગ) ચારીત્ર અંગેના પ્રમાણપત્ર (તારીખ સહીત) કે જે છ માસથી જુના ન હોવા જોઈએ.

(ઘ) અરજી ઉપર સ્વહસ્તાક્ષરવાળો પાસપોર્ટ સાઈઝનો નવો ફોટો લગાડેલ હોવો જોઈએ.

(ચ) જાતીના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ.

(૫) અરજી કરવાની અંતિમ તારીખ : **તા.૦૮/૧૧/૨૦૨૪**

અરજી કરવાની અંતિમ તારીખ: ૦૮/૧૧/૨૦૨૪ છે. નિયત કરેલ તારીખ પછી મળેલ અરજીઓ, અપુરતી અરજીઓ અથવા ક્ષતિયુકત અરજીઓ ઉપર કોઈ વિચારણા કરવામાં આવશે નહી.

**(૬) અરજી કરવાનુ સ્થળ :-**

ઉમેદવાર પોતાની અરજી કચેરી સમય દરમ્યાન અધ્યક્ષ, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરની ઓફીસમાં રૂબરૂ તથા ટપાલ મારફતે મોકલી શકશે.

**(૭) કામગીરી કરવાનુ પસંદગીનુ સ્થળ :-**

ઉમેદવારોએ પોતાના આવેદનપત્રમાં પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) તરીકે તેઓ કયા સ્થળે એટલે કે જીલ્લા કક્ષાએ, તાલુકા સ્થળ ઉપર ગામના સ્થળ પર પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) તરીકે કાર્ય કરવા માંગે છે તે જણાવવુ આવશ્યક છે.

**(૮) પાત્રતા :-**

પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) ને પસંદગી કરતી વખતે જો જરૂરીયાતથી વધારે અરજીઓ પ્રાપ્ત થશે તો અરજીઓનુ શોર્ટ લીસ્ટીગ કરી ઉમેદવારને મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર)નું પસંદગી માટે અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના ઉમેદવારોના સબંધમાં પણ સુનિશ્ચિત કરવામાં આવશે, તેમજ મહિલાઓને પ્રાથમીકતા આપવામાં આવશે.

નીચે જણાવેલ વ્યકિતોઓ પણ પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) બનવા અરજી કરી શકે છે.

શિક્ષક, નિવૃત્ત શિક્ષક, નિવૃત્ત સરકારી કર્મચારી, વરીષ્ટ નાગરીક, એમએસડબલ્યુના વિદ્યાર્થી તેમજ અધ્યાપક, આંગણવાડી કાર્યકરતા, ડોકટર / ફીજીશીયન, વિદ્યાર્થી તેમજ કાયદાના વિદ્યાર્થી (જ્યા સુધી તેઓ વકીલાત માટે એનરોલ ન થાય ત્યા સુધી), સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકડાયેલ, એન.જી.ઓ. અથવા કલબના સભ્યો, મહિલા ગ્રુપ/મૈત્રી સંગમ/સ્વયં સહાયતા સમુહના સભ્યો અન્ય કોઈ વ્યકિત કે જેને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરનાઓ સક્ષમ અને યોગ્ય સમજે.

**(૯) પસંદગી પામેલ પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) ની નીચે મુજબની ફરજો (ડયુટી) રહેશે.:-**

(૧) સમાજના નબળા વર્ગના લોકોને તેઓના કાનૂની અધિકારોથી જાણકાર કરવા.

(૨) સામાન્ય નાગરીકોને તેઓના કોર્ટના કેસો અંગે વૈકલ્પીક તકરાર નિવારણ માધ્યમો જેવા કે લોક અદાલત, મધ્યસ્થીકરણ, કન્સીલીયેશન, ન્યાયિક સમાધાન બાબતે જાણકારી આપવી.

(૩) પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર)એ તેઓના ક્ષેત્રમાં થતા કાર્યો ઉપર નજર રાખવી તેમજ અન્યાય થતો હોવાની સ્થિતિમાં જીલ્લા કાૂનની સેવા સત્તા મંડળને લેખિત કે મૌખિકમાં જાણ કરવી.

(૪) જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા તાલુકા કાનૂની સેવા સમિતિ ધ્વારા અધિકૃત કર્યેથી પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) જેલ, લોક-અપ, મનોચિકિત્સક હોસ્પિટલ, ચિંલ્ડ્રન હોમ/ઓબ્ઝર્વેશન હોમ વિગેરેની મુલાકાત લેવાની રહેશે તેમજ તેમાં રહેલ ઈન્મેટસને કાનૂની અધિકારોથી વાકેફ કરવાના રહેશે.

(૫) બાળકોના અધિકારો, બાળ મજૂરી, બાળકોનું ગુમ થવુ, સ્ત્રીઓના ગેરકાયદેસર રીતે થતા વ્યાપાર સબંધેના કાનૂનોનું ઉલ્લંઘન થાય ત્યારે તે અંગેની માહિતી નજીકની કાનૂની સેવા સમિતિને આપવી.

(૬) વિવાદોનું નિરાકરણ, પ્રિ-લીટીગેશન, લોક અદાલત, મધ્યસ્થીકરણ અંગે માહિતી આપવી તેમજ તેની ઉપયોગીતા સમજાવવી.

(૭) પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર)એ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ ધ્વારા આપવામાં આવતી મફત કાનૂની સહાયની જાણકારી તેમના ક્ષેત્રના લોકોને આપવી તેમજ કાનૂની જાગૃતિ ના કાર્યક્રમો તેમજ શિબિરો કરવી.

(૮) જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વિભિન્ન યોજનાઓ સબંધે જે તે પેમ્ફલેટ તેમજ તેને લગતા સાહિત્ય વિગેરે પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર)ને આપવામાં આવશે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

**(૯) પેરા લીગલ વોલેન્ટીયર્સ (PLV) (અધિકાર મિત્ર) ની નિમણૂંક તથા નિમણૂંક રદ કરવા સબંધિત સંપૂર્ણ અધિકાર અધ્યક્ષ, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરની પાસે સુરક્ષિત રહેશે.**

**નોંધ : આવેદન કરનારે આ સાથે જોડેલ અરજીના નમૂનામાં અરજી કરવી.**

**તા.૧૬/૧૦/૨૦૨૪**
**મુ. હિંમતનગર**

**( કે. આર. રબારી )**
**અધ્યક્ષ**
**જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,**
**સાબરકાંઠા, હિંમતનગર.**